R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 32 DATE: 09-08-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ૨૦૧૩માં થયેલ હિંસક અથડામણોને લીધે અનેકધાર્મિક સમુદાયના લાખો લોકો હિજરત કરી ગયા :એક રીપોર્ટ

વિશ્વભરમાં ૨૦૧૩માં થયેલ અથડામણો અને હિંસક હુમલાઓને કારણે અનેક ધાર્મિક સમુદાયોના લોકો મોટે પાયે હિજરત કરી ગયા છે.અમેરિકા દ્વારા જારી કરવામાં આવેલ રીપોર્ટમાં આ બાબતે જણાવ્યુ હતું,કે લાખો લોકો તેમના ઘરબાર છોડીને અન્યત્ર ભાગી ગયા છે.

અમેરીકાના ઈન્ટરનેશનલ રિલીજીયસ ફ્રીડમ ના વાર્ષિક રીપોર્ટમાં જણાવાયું હતું કે વિશ્વના લગભગ દરેક ખુણે ખ્રિસ્તી,મુસ્લીમો, હિન્દુઓ અને અન્ય ધર્મના લાખો લોકોને ધર્મમાં તેમની શ્રધ્ધા કે આસ્થાને કારણે ઘરો છોડીને ભાગવાની ફરજ પડી હતી.ડરથી કે બળજબરીથી પણ તેમનુ સ્થળાંતર થઈ રહ્યુ ંછે.મધ્ય પુર્વના દેશોથી એશિયા અને આફ્રિકા અને યુરોપ સુધી લોકો તેમના પરંપરાગત અને ઐતિહાસિક ઘરોમાંથી ગાયબ થઈ રહ્યા છે. અને તેમની સાનુકુળતા મુજબ ફેલાઈ રહ્યા છે.ઘર્ષણયુક્ત ઝોનોમાં આ સ્થળાંતર એક રોજિંદી ઘટના બની ગઈ છે.

વિદેશ વિભાગ તેમના તૈયાર કરેલા ૨૦૧૩ના એક રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે સીરીયામાં પ્રમુખ બશર-અલ-અશાદ સામે ત્રણ વર્ષથી ચાલી રહેલા નાગરિક યુધ્ધને કારણે ખ્રિસ્તીઓની હાજરી આ વિસ્તાર માંથી સાવ ઘટી ગઈ છે. તેઓ હિજરત કરી ગયા છે.હવે સીરીયામાં આંગળીના વેઢે ગણાય તેટલા ખ્રિસ્તી બાકી રહ્યા છે.હોમ્સ શહેરમાં ઘર્ષણ પહેલાં ૧,૬૦,૦૦૦ ખ્રિસ્તીઓ હતા. તે હવે ઘટીને માત્ર ૧૦૦૦ની સંખ્યામાં બચ્યા છે.ઈજીપ્તની રાજકીય માથાકુટને કારણે સૌથી વધુ અસરો ખ્રિસ્તીઓ પર પડી છે અને અહીયાંથી પણ હિજરત થઈ છે.

આફ્રિકન દેશોમાં પણ આવી જ પરિસ્થિતિ છે.નાઈજીરીયામાં બોકો હરામ ના ત્રાસનથી અનેક લોકો વિસ્થાપિત બન્યા છે. સુદાન,સાઉથ આફ્રિકન દેશમાં પણ આજ પરિસ્થિતિ છે.શ્રીલંકા વિગેરેમાં પણ લોકો હિજરત કરી રહ્યા છે.આમ સલામતી માટે અનેક લોકો હિજરત કરી ગયા છે.વિશ્વભરમાં થઈ રહેલ હિજરત એ ચિંતાનો વિષમ બની ગયો છે.

## ઇગ્લેન્ડમાં એચએસબીસી એ મુસ્લીમ ખાતાઓને બંધ કરી દીધા

બેન્કીંગ ક્ષેત્રે એક અગ્રણી બેંક એચએસબીસી, યુ.કે.એ એક વિવાદાસ્પદ નિર્ણય કર્યો હતો. જેમાં જોખમી ગણાંતા કેટલાંક મુસ્લીમોના ખાતાઓ સ્થગિત કરી દીધા હતા.લંડન સ્થિત આ બેંકે ત્યાંની સૌથી મોટી મસ્જીદો પૈકી એક ફિન્સબરી પાર્કની મસ્જીદનું ખાતું બંધ કરી દીધું હતું.તેમજ કેટલાંક અન્ય મુસ્લીમ સંગઠનોના ખાતાંઓ બંધ કરી દીધા હતો.આ અંગે તેઓએ લાગતા વળગતાઓને પત્ર દ્વારા જાણ પણ કરી દીધી હતી.પત્રમાં જણાવાયું હતું કે આ તમામ ખાતાઓ ચાલુ રાખવા એ બેન્કની જોખમ ઉઠાવવાની શક્યતા કરતા વધુ પડતું છે.તેમનો ખાતા બંધ કરવાનો નિર્ણય કોઈ વંશ કે ધર્મ આધારિત નથી.

ફિન્સબરી પાર્કની મસ્જીદના ટ્રસ્ટ્રી ખાલિદ ઓમરે બેંકના આ પત્ર પાછળનો હેતું સામે પ્રશ્ન કર્યો હતો.અને કહ્યું છે કે બેન્કના પત્રમાં ખાતા બંધ કરવા માટેનું કોઈ કારણ અપાયું નથી.તેને કારણે અમને લાગે છે કે યુકેમાં મુસ્લીમ સંસ્થાઓને નિશાન બનાવતી ઈસ્લામવિરોધી ઝુંબેશને કારણે આમ કરવામાં આવ્યુ છે.૨૦૦૫ સૂધીમાં આ મસ્જીદનું સંચાલન અબુ હમઝા કરતો હતો. જેને આ વર્ષે મે મહિનામાં અમેરિકામાં ત્રાસવાદના ગુનામાં કસુરવાર ઠેરવાયો છે.મસ્જીદના ચેરમેન મોહમંદ કોઝબારે કહ્યું હતું કે એચએસબીસીના આ નિર્ણય પરથી એવું લાગે છે કે અબુ હમઝા પાસેથી સંચાલન હસ્તગત કર્યા પછી અમે જે સારા કામ કર્યો છે તેને ધ્યાનમાં લેવાયા નથી.ડિસેમ્બર ૨૦૧૨માં એચએસબીસીએ અમેરિકન સરકારને મની લોન્ડરીંગના કેસમાં સેટલમેન્ટ પેટે ૧.૯ અબજ ડોલર ચુકવવા પડ્યા હતા જે આવા કેસમાં અત્યાર સુધીમાં ચુકવાયેલી સૌથી મોટી રકમ છે.

## વિશ્વ ફુટબોલ કપ વિજેતા બનનાર જર્મની માટે ભુતપુર્વ પોપ બેનીડીક્ટે ખુશી વ્યક્ત કરી અને આર્જેટીનાને આશાનો સંદેશો આપ્યો



ફીફા ૨૦૧૪ વિશ્વ ફુટબોલ કપમાં વિજેતા બનનાર જર્મનીની જીતથી ભુતપુર્વ પોપ બેનીડીક્ટ ખુશ થયા હતા.સાથે સાથે તેમણે ફાયનલમાં હારનો સામનો કરનાર આર્જેટીનાને ઝડપથી ઉભા થવા માટે આશાનો સંદેશો આપ્યો હતો.આર્ચબિશપ જ્યોર્જ ગેનેસ્વીન, ધ સેક્રેટરી,પોપ એમીરેટ્સ બેનીડીક્ટ,આ બાબતને પૃષ્ઠી કરી હતી.તેમણે એ પણ જણાવ્યું હતું કે વિશ્વકપ જીતનાર જર્મનીની ટીમમાં કેટલાક ખેલાડીઓ બાવારીયાના હતા, કે જે એક્સ. પોપનું વતન છે.

જર્મનીએ વર્લ્ડ કપ ફાયનલમાં પહોચતા પહેલાં બ્રાઝીલને ૭-૧થી મહાત કર્યુ હતું.જ્યારે આ ગેઈમ રમાતી હતી ત્યારે પોપ બેનીડીક્ટ આરામ કરી રહ્યા હતા પરંતુ તેમનો સ્ટાફ જર્મનીને સપોર્ટ કરી રહ્યો હતો.જ્યારે તેમને પુછવામાં આવ્યું કે પરિણામથી તમને સંતોષ છે ત્યારે તેમણે વેટીકન રેડીયોને જણાવ્યુ હતુ કે હા, અને ના,કારણકે જર્મનીની ટીમમાં કેટલીક ખેલાડીઓ તેમના હમવતની હતા પરંતુ આર્જેન્ટીના ઝડપથી રીકવર કરે માટે આશા વ્યકત કરી હતી.

ફેબ્રુઆરી,૨૦૧૩માં પોપ બેનીડીક્ટ એવા પ્રથમ પોપ હતા કે જેમણે ૧૪૧૫ બાદ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તે વખતે તેઓ ૮૭ વર્ષના હતા.અને ઉંમરના કારણે તેઓએ રાજીનામું આપ્યું તે હતું.તેમના બાદ આર્જેન્ટીનીયન પોપે તેમની જગ્યા સંભાળી હતી.તેથી કેટલાક કેથોલીકોએ એવું સુચન કર્યુ હતું કે બેઉ ધાર્મિક નેતાઓએ રમતના મેદાનમાં એકઠા મળવું જોઈએ. પરંતુ પોપ ફ્રાંસીસે જાહેરમાં તેમની લાગણીઓ સોકર ટુર્નામેન્ટ માટે જમાવી નહોતી.કે આર્જેન્ટીનાની ટીમની હાર માટે પણ કહ્યું નહોતું.

સીપ્પ બ્લેટર, પ્રેસીડેન્ટ ફીફા,વર્લ્ડ કપ ઓરગેનાઈઝરે તાજેતરમાં કેથોલીક કલ્ચરને જણાવ્યું હતું કે તેમને પોપ ફ્રાંસીસ તરફથી અંગત સંદેશો મળ્યો હતો અને તેમાં તેમણે આર્જેન્ટીનાની હાર માટે દુઃખ વ્યક્ત કર્યુ હતું.તેઓ આર્જેન્ટીનાની હાર માટે ખુશ નથી.પરંતુ તેમણે કહ્યું હતું કે ફુટબોલ લોકોને એકઠા કરે છે તે સારુ છે.

## ભુમાફિયાઓ સામે ફરિયાદ-નિકાલ માટે સીટની જોગવાઇ

અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં બોગ બાનાખત,ખોટા ચીહ્ના, અને ખોટી સહીઓ કરીને અભણ ખેડુતોની જમીનો પચાવી પાડવાના કિસ્સાઓ વધી રહ્યા છે. અભણ ખેડુતોને આવા ભુમાફિયાઓના ત્રાસમાંથી મુક્ત કરવા માટે અમદાવાદ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જમીન તકેદારી કમિટી(સીટ)ની રચના કરવામાં આવેલ છે.અમદાવાદ જિલ્લા કલેકટર રાજકુમાર બેનીવાલે સીટની ફરીયાદોના તાકીદે નિકાલ લાવવાની ઝુંબેશ હાથ ધરી છે. જેથી હવે દર સોમવારે સીટની બેઠક મળશે.જેમાં ખેડુતો કે જમીન ધારકોએ સીટમાં કરેલ ફરિયાદ અરજી પર ચર્ચા કરવામાં આવશે અને તેમાં તથ્ય જણાશે તો તાત્કાલીક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.બદઈરાદાથી થયેલ ફરિયાદો કાઢી નાંખવામાં આવશે.આમ હવે ફરિયાદોને ઝડપી ન્યાય મળે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

અમદાવાદમાં સીટની રચના ૨૦૧૧નીસાલમાં કરવામાં આવી હતી.સીટનો ઉદ્દેશ ખેડુતોના હક્કોનું રક્ષણ કરવાનો હતો.પરંતુ ભુમાફિયાઓ અને તેમના મળતીયાઓએ વધેલા જમીનના ભાવોને કારણે છેતરપીડીં કરવામાં દાટ વાળી દીધો હતો.નિકાલ કરાયેલ ફરિયાદો છતાં હજુ પણ ૧૦૦૯ જેટલી ફરિયાદો પેન્ડીગ રહે છે.સીટને દરરોજ ૧૦ ફરિયાદ સરેરાશ મળે છે.કેટલીક ફરિયાદોમાં તપાસ અધિકારીઓના રીપોર્ટ નહી આવવાને કારણે વિલંબિત થયેલ છે.એફએસએલના રીપોર્ટ આવવાને કારણે પોલીસ કેસ કરવો કે કેમ, વિગેરે પર નિર્ણય લઈ શકાતો નથી. જેથી સીટમાં આવેલ ફરિયાદોમાં વિલંબ થાય છે.જેથી અરજદારોને હાલાકીનો સામનો કરવો પડે છે..

પરંતુ હવે દર સોમવારે સીટની બેઠક મળશે અને તેથી તેમાં નવી અને જુની ફરિયાદો ઉપર ચર્ચા કરીને તેનો નિકાલ કરવામાં આવશે.ફરિયાદો પ્રથમ દષ્ટિએ સાચી લાગે તો તેનો તાત્કાલિક નિર્ણય કરશે. જેના આધારે ઝડપથી કાયદાકીય કાર્યવાહી આગળ વધી શકશે.પોલીસ કેસો ઝડપી થાય અને છેતરપીડીંના કેસોમાં લોકોને ઝડપી ન્યાય મળે તેવી પ્રક્રિયા પણ લોકો ઝંખી રહ્યા છે. કાનુની કાર્યવાહીમાં લાંબો સમય વીતી જાય છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

રાજ્યની નદીઓ હોય કે જળાશયો પરંતુ તેને પ્રદુષિત કરવામાં આવે છે.કેટલીક ધાર્મિક માન્યતાઓ હોય કે ધર્મ સાથે સંકળાયેલ અંધશ્રધ્ધાઓને કારણે આપણા નાગરિકો નદીઓ અને જળાશયોના પવિત્ર જળને પ્રદુષિત કરે છે.કેટલાક ધાર્મિક ઉત્સવોમાં મુર્તિઓનું વિર્સજન નદીઓ કે જળાશયોમાં કરવામાં આવે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડ(સીપીસીબી)ને ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક જાહેર હિતની અરજી વેળાએ આ બાબતની તમામ માર્ગદર્શિકાઓ આપવામાં આવી હતી.અને તેનુ પાલન કરાવવાની પણ વાત કરી હતી.

નદી અને જળાશયોમાં પાસ્ટર ઓફ પેરીસની મુર્તિઓનું વિર્સજન ગંભીર પ્રકારનું પ્રદુષણ અને પર્યાવરણને નુકશાન પહોચાડે છે.પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી બનાવેલી મુર્તિઓ, તેમાં ઉપયોગમાં લેવામાં આવતા કેમિકલયુક્ત કલર તથા અન્ય સામગ્રીના વિર્સજનથી નદી કે જળાશયોના પાણીમાં પ્રદુષણ જોખમી હદે વધી જાય છે.નદીના પાણીનો ઉપયોગ સિંચાઈ તેમજ પીવાના પાણી તરીકે થતો હોવાથી લોકોના આરોગ્ય સાથે ગંભીર ખતરો પેદા થાય છે. કેન્દ્રીય પ્રદુષણ બોર્ડે આ બાબતે મહત્વની માર્ગદર્શિકાઓ જાહેર કરી છે.તે મુજબ નદી કિનારે સરકારે કુત્રિમ જળાશય બનાવવાના રહે છે. તેમાં મુર્તિઓ,પોશાક અને ફુલો સહિતની પુજા સામગ્રીનું વિસર્જન કરવાનું હોય છે.ત્યારબાદ તેનો નિકાલ કરવાનો હોય છે.

પરંતુ હજુ સુધી આ બાબતે સરકારે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તે કરી નથી.જળ પ્રદુષણ અટકાવવા માટે ગંભીર પગલાં લેવા આવશ્યક છે.

## મંતવ્ય

આ દેશમાં આપણા યુવાનોમાં પશ્ચિમી રીતરીવાજોનું આંધણું અનુકરણ કરવાની એક ફેશન બની ગઈ છે.પછી તે હાલના સમયમાં અનુકુળ હોય કે ન હોય પરંતુ તે કરવુજ રહ્યું. તાજેતરમાં ગુજરાતમાં ટામેટા મારીને ઉત્સવ ઉજવવાનો એક પ્રસંગ જાહેર માધ્યમો દ્વારા જોવા મળ્યો. પરદેશમાં ટામેટા મહોત્સવ લોકો ઉજવે છે પરંતુ ત્યાં ટામેટા માટે લોકોને તકલીફ પડતી નથી. આજકાલ ટામેટાના ભાવો આસમાન છુએ છે અને લોકોને ટામેટા વગરની સબજી ખાવાની સારી લાગતી નથી,તેમજ કારમી મોઘવારીમાં ટામેટાનો રુપીયા ૧૦૦ કીલોનો ભાવ પણ પોસાતો નથી. ત્યારે આ યુવાનોએ ૩૦૦૦ કી.લો જેટલા ટામેટાને જાહેર રોડ પર નાંખી તેમાં નાચ્યા કુદ્યા ને જશ્ન મનાવ્યો, આ આપણી સંસ્કૃતિ અને પરિસ્થિતીને લજવે તેવી બાબત છે. આપણું યુવાધન ગેરમાર્ગે જતું અટકાવવા માટે કોણ આગળ આવશે અને તેમને સંસ્કાર અને સંસ્કુતિ બાબતે, કે સારા નરસાનો ભેદ શીખવાડશે.

મહેશભાઈ કે. પરમાર

## હવે ફેસ બુક એપથી ચેટીંગ નહી કરી શકાશે

હવેથી ફેસબુક એપથી ચેટીંગ કરી શકાશે નહી.કંપની પોતાના મેસેન્જર એપને પ્રોત્સાહન આપવા માટે ફેસબુક એપથી ચેટિગ ફિચર બંધ કરી રહી છે.ચેટિંગ માટે તમારે મેસેન્જર એપનો ઉપયોગ કરવો પડશે.રીપોર્ટ પ્રમાણે ફેસબુક એપથી ચેટિંગ ફિચર ખતમ કરતાં પહેલાં યુઝર્સને નોટિસ આપીને મેસેન્જર લાઉનલોડ કરવાનું કહેવામાં આવશે.જો તેઓ ફેસબુક મેસેજ મોકલવા માંગે છે તો તેમણે મેસેન્જર એપ ડાઉનલોડ કરવુ પડશે.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## મલેશીયન જેટ પ્લેન યુક્રેનમાં તોડી પડાયું જેમાં ૩૦૦ યાત્રિકોના મોત થયાં



મલેશીયન એરકાફટ ટેક્ષી કુલાલુમ્પુર ઈન્ટરનેશનલ એરપોર્ટ,સીપેંગના રનવે પરથી મે,૧૩,૨૦૧૪ના રોજ લેવાયેલ આ તસવીર મલેશીયન એરલાઈનરના પ્લેનોની છે.જે ખોટ કરી રહી છે.તેનું બોઈંગ ૭૭૭એર ક્રાફટ જે ૩૦૦ યાત્રીઓને લઈને એમસ્ટરડેમ, નેધરલેન્ડથી કુલાલુમ્પુર,મલેશીયા ખાતે જઈ રહ્યું હતું ત્યારેતેને રશિયા અને યુક્રેનની સરહદ પર તોડી પાડવામાં આવ્યું હતું.મિનિસ્ટ્રી ઓફ યુક્રેન દ્વારા આ સમાચારને પુષ્ટી આપવામાં આવી હતી.તેમના જણાવ્યા પ્રમાણે ૨૮૦ યાત્રીઓ અને ૧૫ ક્રુ સભ્યો આ પ્લેનમાં સવાર હતા.સીએનએન એવીએશનના જણાવ્યા પ્રમાણે આ એરીયા એ પ્લેનો માટે ખતરનાક અને મુશ્કેલી ઉભી કરનાર વિસ્તાર છે.તમે કોઈપણ જાતનો ફેરફાર કરો તો તમારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે.યુક્રેનના વિદ્રોહી મારફતે આ પ્લેન તોડી પડાયુ હોવાનું મનાય છે.

## ઓફીસીયલ ઇમેઇલ આઇડી સાચવવા આઇટી વિભાગની સુચના

ઈન્કમટેક્ષ રિટર્ન્સ ઓનલાઈન ભરતી વખતે કરદાતાઓને તેમના પર્સનલ ઈમેઈલ આઈડી અને મોબાઈલ ફોન નંબર્સ વેલીડેટ કરવાનું કહ્યા બાદ આવકવેરા વિભાગે કરદાતાઓને વિભાગના ઓફિશિયલ ઈમેઈલ આઈડી તેમના ઈનબોક્સમાં સાચવી રાખવા ભલામણ કરી છે. આવકવેરા વિભાગે કરદાતાઓને કહ્યું છે કે તેઓ તેમના ઈનબોકસમાં વિભાગના ઓફિશિયલ હેન્ડલ 'donotreply@incometaxindiafiling.gov.in' ને સે સેફ લિસ્ટમાં મુકી રાખે, જેથી વિભાગ દ્વારા મોકલાતા ઈમેઈલ સ્પામ કે જન્ક ફોલ્ડરમાં ન જતા રહે.

એક વખત જ્યારે ઓનલાઈન કરદાતા તેમનું ઈમેઈલ આઈડી અને મોબાઈલ ફોન વિભાગના ઓનલાઈન પોર્ટલ પર વેલડેટ કરે ત્યારે સીસ્ટમ દ્વારા ઓટ-જનરેટ પીન મોકલવામાં આવે છે.જેનાથી એ ઈમેઈલ સ્પામ ફોલ્ડરમાં જશે નહી એમ આવકવેરા વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. પરંતુ ઘણાં મેઈલ સ્પામ કેજન્ક ફોલ્ડરમાં જતાં હોવાની ફરિયાદ પછી આવકવેરાના ઓફિશિયલ ઈમેઈલ આઈડીને તેમના ઈનબોક્સમાં સાચવી રાખે. તેથી તે સ્પામ ફોલ્ડરમાં જશે નહી.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેકટ્ ટેક્સિસ દ્વારા તાજેતરમાં નવા નિયમની ધોષણા કરી છે. જે મુજબ રિર્ટન ફાઈલ કરનારા લોકોએ ફરજીયાત રીતે તેમના અંગત ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર આપવાના રહેશે.આ ઉપરાંત કરદાતાઓને એવી સલાહ પણ આપવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારના ફીશીંગ મેઈલ્સનો જવાબ ન આપે કે તેમાં રહેવા એટેચમેન્ટને ડાઉનલોડ કરવાની કોશીશ ન કરે. તેમાં વાયરસ કે માલવેર હોવાની શક્યતા છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),
અમદાવાદ.૮

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,
અમદાવાદ.૨૨

શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા
રાયખડ,અમદાવાદ.૧

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# મધ્યપુર્વમાં હમાસ ઇઝરાયેલ કરતાં વધુ જોખમી

છેલ્લા બે વર્ષથી ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે ગાઝામાં થઇ રહેલ ઘર્ષણ પછી હવે સ્થિતિ વણસી ગઇ છે.ઇઝરાયેલને હુમલા બંધ કરવા માટે ચારે બાજુથી દબાણ વધ્યું છે.જો કે આ તમામ બાબતોની વચ્ચે એક મહત્વની બાબત એ છે કે સામાન્ય રીતે આરબ દેશો પરંપરાગત રીતે પેલેસ્ટાઇનની તરફેણમાં હોય છે પરંતુ આ વખતે આરબ દેશોને એવું લાગે છે કે વાંક હમાસનો છે.અને તેથી તેઓએ ઇઝરાયેલની વિરુધ્ધ ખાસ પ્રહાર કર્યા નથી.

ઇજીપ્તની ઇસ્લામીક સરકારને ગયા વર્ષે હટાવી દેવામાં આવી,પછી તેણે આરબ દેશોમાં સાઉદી અરેબીયા,સંયુક્ત આરબ અમીરાત,અનો જોર્ડનનો સાથ લઇને નવું જુથ તૈયાર કર્યા છે અને આ ગ્રુપ ઇઝરાયેલ સાથે મળીને હમાસનો ખાત્મો કરવા સક્રીય બન્યુ છછે. હમાસ ગાઝા પટ્ટી પર નિયંત્રણ ધરાવતું ઇસ્લામીક જુથ છે.આરબ દેશોની આ નવી રચાયેલ ધરીને કારણે છેલ્લા ત્રણ સપ્તાહથી ચાલી રહેલા સંઘર્ષવિરામના પ્રયાસને સફળતા નથી મળી તેવું પણ મનાય છે.

સામાન્ય રીતે ઇજીપ્ત હમાસ સાથે મંત્રણાની બાબતમાં વધારે ભાર મુકતું ન હતું. પરંતુ આ વખતે તેણે મંત્રણા માટે ઇઝરાયેલની મોટાભાગની માંગણીઓ સ્વીકારી લેવા હમાસને જાહેરમાં દરખાસ્ત કરી છે. પરંતુ હમાસે તે સ્વીકાર્યુ નથી.સાઉદી અરેબીયાના રાજા અબ્દુલ્લાએ ઇજીપ્તના પ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ સિસ્સી સાથે વાત કરીને સંઘર્ષવિરામ અંગેની ઇજીપ્તની દરખાસ્તની પ્રશંસા કરી અને તેના નિવેદનમાં ઇઝરાયેલ પર કોઇજ દોષારોપણ જ કર્યુ. અને માત્ર નિર્દોષો હત્યા થઇ રહી છે તેમ કહ્યું.પેલેસ્ટાઇન સાથે અગાઉ મંત્રણામાં ભુતપુર્વ સલાહકાર રહી ચુકેલા ખાલીદે કહ્યુ હતું કે આ બાબત દર્શાવે છે કે કેટલાક આરબ દેશો ઇઝરાયેલ તરફ ઝુકી રહ્યા છે.ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચેના આ સંઘર્ષમાં આરબ ક્રાંતિની અપેક્ષાઓ સાવ ઠંડી પડી ગઇ છે.થોડાક સમય પહેલાં એવું મનાતું હતું કે આરબ ક્રાંતિને કારણે આરબ દેશો તેમના નાગરિકો પ્રત્યે વધુ જવાબદાર બનશે અને પેલેસ્ટાઇનીઓ તરફથી વધુ સહાનુભુતિ દર્શાવશે અને ઇઝરાયેલ સામે વૈમનશ્ય ઉભું થશે.પરંતુ તેના બદલે પેલેસ્ટાઇન વધુ પડતું એકલું અટલું થઇ ગયું છે અને ઇઝરાયેલની સરકારને આશ્ચર્યજનક એવી સહાનુભુતિ મળી રહી છે.જો કે વારંવારની બદમાશી પછી હવે ઇઝરાયેલ સાંખી લેવા તૈયાર નથી. (સૌ.નગુ.સમય.)

## જાણવા જેવું !

શાહમૃગનું એક ઈંડુ ત્રણ રતલ વજનનું હોય છે.

આર્કટિકના શિત પ્રદેશમાં વસતું ટર્ન નામનું પક્ષી એક વર્ષમાં ૨૨૦૦૦ માઇલનો પ્રવાસ કરે છે.

વોશિંગ્ટન ખાતે એક ધોડાની ઉંચાઇ ૬ફુટ ૧૧ ઇંચ હતી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,નડીયાદ.૨
શ્રી.એસ.કે.અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,નડીયાદ.૨


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# ધાર્મિક સહિષ્ણુતાના મુદ્દે યુપીને અમેરીકાએ ઇરાક,સીરીયા સાથે સરખાવ્યુ

અમેરિકાએ તેના વિદેશ મંત્રાલયના અહેવાલમાં ભારતની ખરાબ ટીપ્પણી કરી હતી.વિશ્વભરના દેશોમાં ધાર્મિક સ્વતંત્રતાની બાબત અંગે તેમણે ઉત્તર પ્રદેશને ઇરાક,સીરીયા સાથે સરખાવ્યું હતું.આ રીપોર્ટમાં તેમણે યુપીને સીરીયા,બાંગ્લાદેશ,શ્રીલંકા,અને ઇરાક જેવા દેશોની સમકક્ષ મુક્યુ હતું.રીપોર્ટમાં જણાવ્યા મુજબ યુપી સરકાર ધાર્મિક આધાર પર જારી ભેદભાવ વિરુધ્ધ કોઇપણ કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી છે. આ અહેવાલ અનુસાર યુપી સરકારે એક એવો માહોલ તૈયાર કર્યો છે કે જેમાં અસહિષ્ણુ અને હિંસક સમુહોની હિંમત એટલી હદે વધી ગઇ છે તેઓએ ધાર્મિક માન્યાતાના આધારે લોકો પર હુમલા કર્યા છે. રીપોર્ટમાં એવું પણ જણાવાયં છે કે યુપીની સરકાર નબળા સમુદાયોની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગઇ છે. અને અનેક લઘુમતી સમુદાય તેનાથી સૌથી વધુ મુશ્કેલીમાં મુકાયો છે.આના કારણે લોકોને મોટાપાયે વિસ્થાપિત પણ થવુ પડયું છે.

આ રીપોર્ટમાં મુઝફરનગર જિલ્લામાં થયેલા રમખાણોનો ઉલ્લેખ છે. રિપોર્ટ અનુસાર રમખાણોમાં ૬૫ ના મોત અને ૬૮ને ઇજા થઇ હતી.અને ૪૦ થી ૫૦ હજાર જેટલા લોકો વિસ્થાપિત બન્યા હતા.મુઝફરનગર બાદ સહારનપુરના મામલે પણ રીપોર્ટમાં ટીકા કરવામાં આવી છે.આ ઉપરાંત તાજેતરમાં થયેલી બળાત્કારની અનેક ઘટનાઓને કારણે પણ ઉત્તર પ્રદેશની ટીકા થઇ રહી છે.

જો કે જ્યારથી ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં થયેલ લોકસભાની ચુંટણીઓમાં ભાજપના સાંસદો ચુંટાયા છે ત્યારથી તેમને સપાની સરકારના તમામ દોષોને ઉજાગર કરવાની અને સરકારને બેદખલ કરવાના બદઇરાદાની બદબુએ સમગ્ર રાજકારણને ભરડો લીધો છે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૨૩૯૬


# બાંગ્લા દેશમાં ખ્રિસ્તી સાધ્વીઓ પર હુમલો



નોર્થન બાંગ્લાદેશમાં બોલ્દી પુકુર મિશન આવેલ છે જે દિનાજપુરથી ૫૦ માઇલના અંતરે આવેલ છે.ત્યાં હોસ્પીટલ અને કોન્વેન્ટ ચાલે છે.ગત સપ્તાહમાં ત્યાં ખ્રિસ્તી સાધ્વીઓ પર પચાસથી સાઇઠ જેટલા સશસ્ત્ર લોકોએ આવીને હુમલો કર્યો હતો.હુમલો ભારે હતો જે દોઢેક કલાક સુધી ચાલ્યો હતો.આ સશસ્ત્ર ટોળું પ્રાર્થના કરતી ખ્રિસ્તી સાધ્વીઓ પર તુટી પડ્યું હતું અને તેમને પુષ્કળ માર મારવામાં આવ્યો હતો.તેમજ કોન્વેન્ટને ભારે નુકશાન પહોચાડવામાં આવ્યું હતું. બિશપ સેબેસ્ટીયન તુડુ,દીનાજપુરે જણાવ્યું હતું કે ઇન્ટરનેશનલ કેથોલીક ચેરીટી એઇડ ટુ ધ ચર્ચ ઇન નીડ,બોલ્ડી પુકુર મિશનની ઉપર ૭ જુલાઇએ હુમલો કરવામાં આવ્યો, અને પોલીસ આવી ત્યારે હુમલો કરનારા ભાગી ગયા હતા.ઇજાગ્રસ્તોને ઢાકા ખાતે મેડીકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે.ખ્રિસ્તીઓ પર મોટા ભાગના મુસ્લીમ દેશોમાં હુમલા થાય છે.પરંતુ ખ્રિસ્તી સાધ્વીઓ પર આ પ્રકારનો સહુ પ્રથમ બનાવ છે.બાંગલાદેશમાં ખ્રિસ્તી સાધ્વીઓને ખુબ આદરથી જોવાય છે તેથી અહીયા બનેલી ઘટના કલ્પના બહારની છે. સાધ્વીઓ અને પાદરીઓ પર હુમલા થાય છે કારણકે તેઓ લઘુમતીઓની મદદ કરે છે.તેવું બિશપ ટુડુએ જણાવ્યું હતું.

# સાઉથ આફ્રિકાના ઓલરાઉન્ડર જેક કાલિસે ક્રિકેટને અલવિદા કહી

સાઉથ આફ્રિકાના અને ક્રિકેટ ઇતિહાસના મહાન ખેલાડીઓ પૈકીના એક ઓલરાઉન્ડર જેક કાલીસે ક્રિકેટમાં નિવૃત્તિની જાહેરાત કરી હતી.આમ તેમની બે દાયકા લાંબી ચાલેલી કારકીર્દીનો અંત આવ્યો હતો.

૩૮ વર્ષીય જેક કાલીસે જણાવ્યા પ્રમાણે શ્રીલંકા સાથે તાજેતરમાં રમાઇ રહેલ શ્રેણીમાં તેમના કંગાળ ફોર્મને લઇને તેઓએ આ નિર્ણય લીધો હતો.જો કે તેઓ ઇન્ડીયન પ્રીમીયર લીગ અને ટી ૨૦માં રમવાનું ચાલુ રાખશે.કાલીસે ટેસ્ટ ક્રિકેટમાં ૪૫ સદીઓ સાથે ૫૫.૩૭ રનની સરેરાશ સાથે૧૩૨૮૯ રન કર્યા હતા. આ જુમલો તેમણે ૧૬૬ ટેસ્ટમાં નોધાવ્યો હતો.ભારતના મહાન ક્રિકેટર સચિન તેંદુલકરના બાદ તેઓ વિશ્વમાં બીજા ક્રમે હતા.આ ઉપરાંત તેમણે ટેસ્ટ ક્રિકેટમાં ૨૯૨ વિકેટ લીધી હતી અને ૨૦૦ કેચ ઝડપ્યા હતા.એક માત્ર કાલીસ જ એવો ખેલાડી હતો કે જે સચિન તેંદુલકરના વિક્રમો તોડી શકે.વનડે ક્રિકેટમાં તેમણે ૧૧૫૭૮ રન કર્યા,૨૭૩ વિકેટો ઝડપી હતી.જો કે વનડે માં તેમની માત્ર ૧૭ જ સદી હતી.૧૯૯૬થી તેમણે કારકીર્દીની શરુઆત કરી હતી અને તેઓ સાઉથ આફ્રિકા માટે પાંચ વર્લ્ડ કપ રમ્યા હતા.કાલીસની સરખામણી ક્રિકેટ ઇતિહાસના મહાન ઓલરાઉન્ડર ગારફીલ્ડ સોબર્સ સાથે કરવામાં આવે છે.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# મુંબઈમાં ફરીથી એકવાર જીસસનું પુતળુ તોડવાનું દુષ્કૃત્ય આચરાયું



મુંબઈમાં ૨૦૧૩ના ડિસેમ્બર માસમાં જીસસનું સ્ટેચ્યુ કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા તોડવામાં આવ્યું હતું.ત્યારબાદ ફરીથી ૧૪ જુલાઈ,૨૦૧૪ના રોજ વહેલી સવારમાં આ દુષ્કૃત્ય આચરવામાં આવ્યું હતું.આ સંદર્ભમાં એક નિર્દોષ કેથોલીકને પોલીસ ગીરફતાર કર્યો હતો. જ્યારે ખરેખર કૃત્ય આચરનારાઓ હાથમાં આવ્યા નથી. આ બાબતે કેથોલીક સંસ્થાઓ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યુ હતું.આ એક ઐતિહાસિક સ્ટેચ્યુ હતું. જે સ્વામી વિવેકાનંદ રોડ, લાઈફ ઈન્સ્યોરન્સ કોરપોરેશનના બિલ્ડીંગની પાસે વિલે પાર્લે વેસ્ટમાં આવેલ હતું.સ્થાનિક લોકોએ તેને તોડી પાડેલ અવસ્થામાં જોયું હતું.સ્ટેચ્યુના હાથ તોડીને બાજુમાં લટકાવી દેવાયા હતા. આ બાબતે કેથોલીક સેક્યુલર ફોરમ,મહારાષ્ટ્ર ક્રિશ્ચિયન યુથ ફોરમ, અને એસોસીએશન ઓફ કન્સર્ન્ડ કેથોલીક ભેગા મળીને આ બાબતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

જોસેફ ડાયસ, જનરલ સેક્રટરી, કેથોલીક સેક્યુલર ફોરમના જણાવ્યા પ્રમાણે આ એક પ્રકારની ગતિવિધિ છે જેના કારણે નજીકમાં મહારાષ્ટ્રમાં આવનાર ચુંટણીઓમાં ધાર્મિક રીતે લોકોમાં તડા પાડી શકાય.પોલીસે એન્જેલો પરેરા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી.જે એક ડ્રગ એડીક્ટ છે અને તેણે આ પુતળુ તોડી પાડ્યુ હોવાનું પોલીસનું અનુમાન છે.અને આ ડ્રગ એડીક્ટે પોલીસ સમક્ષ આ બાબતનો એકરાર કર્યો છે.પરંતુ ત્યાંના સ્થાનિક ખ્રિસ્તીઓએ જણાવ્યા મુજબ આ ઘટનામાં ત્યાંના કેટલાક અસમાજીક તત્વો અને કટ્ટરવાદીઓનો હાથ છે જેમની ધરપકડ કરીને પુછપરછ કરવાની સચ્ચાઈ સામે આવી શકે છે. પરંતુ પોલીસે તેમ કર્યું નથી.આ દરમિયાન આર્ચબિશપ ઓફ મુંબઈ, કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસે ખ્રિસ્તીઓને અપીલ કરી હતી કે તેઓ શાંતિ જાળવે.ધીરજ કેળવે અને પોતાની પ્રાર્થનામાં આ બાબતને મુકે જેથી આ ઘટનના અસીલ આરોપીઓને પોલીસ ઝડપી પાડે.સાથે સાથે આર્ચબિશપ મુંબઈએ કહ્યું હતું કે આપણે પોલીસને વિનંતી કરીએ છીએ કે તેઓ યોગ્ય દિશામાં તપાસ કરે અને ગુનેગારોને પકડી પાડે તેમજ આવા બનાવો ભવિષ્યમાં ના બને માટે તકેદારી કેળવે.આજ સુધી આ બાબતે કોઈપણ જાતની માહીતી ખ્રિસ્તી સમુદાયને ઉપલબ્ધ બની નથી કે આર્ચડાયોસીસ મુંબઈને આ બાબતે કોઈ જાણકારી મળી નથી,કે જે બનાવ ડીસેમ્બર ૨૦૧૩માં બન્યો હતો.ન તો તેની કોઈ તપાસની માહિતી છે કે કોઈ ગુનેગારોની ધરપકડ બાબતની છે. આ વધસ્તંભ પર જડાયેલ ઈસુના સ્ટેચ્યુને ૧૮૮૦માં મુકવામાં આવ્યું હતું.અને તેમાં વિશ્વાસ ધરાવનારા લોકો તેની નિયમિત મુલાકાત લેતા હતા.માત્ર ખ્રિસ્તીઓ જ નહી પણ અન્ય ધર્મીઓ પણ અહીયા આવતા અને શ્રધ્ધાપુર્વક તેમના મનની મુરાદો રજુ કરતાં હતા.

દેશભરમાં કટ્ટરવાદી વિચાર ધરાવતા લોકો સમાજમાં એકતા તુટે અને લોકો એકબીજાની વિરુધ્ધના બની જાય અને અરાજકતા સર્જાય તેવા કૃત્યો કરતાં હોય છે.આવા લોકોને રાજકીય લોકોની છત્રછાયા હોવાને કારણે સમય જતાં આવી બાબતો ઢંકાઈ જતી હોય છે અને તેની ઉપર કડક હાથે કોઈ કામગીરી કરવામાં આવી નથી.તેથી તેઓને ઉત્તેજન મળે છે.કોઈપણ કોમના હોય તેમને સખ્ત સજા થવી ઘટે છે.


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ચિકનનો ઝડપી ઉછેર કરવા માટે વપરાતાં એન્ટિબાયોટીક માંસાહારીઓ માટે જોખમી છે

સેન્ટર ફોર સાયંસ એન્ડ એન્વાયરમેન્ટે એક રીપોર્ટમાં જણાવ્યું હતું કે માર્કેટમાં વેચાઈ રહેલાં ચિકનમાં છુટથી એન્ટિબાયોટીકનો ઉપયોગ થઈ રહ્યો છે.આવું ચિકન ખાવાને લીધી બીમારીની હાલતમાં એન્ટીબાયોટીકની કોઈ અસર ન થવાનું જોખમ રહેલું છે.

સીએસઈની પોલ્યુશન કંન્ટ્રોલ લેબોરેટરીએ પોતાના એક અભ્યાસમાં ચિકનમાં મળનારા એન્ટીબાયોટિક્સના અવશેષોનું પરીક્ષણ કર્યુ હતું.તેમને મળેલુ પરિણામ ચોકાવનારુ હતું.લગભગ ૪૦ ટકા સેમ્પલ્સમાં એન્ટીબાયોટિક્સના અવશેષ મળ્યા હતા. સીએસઈના ડાયરેકટર સુનીતા નારાયણે આ બાબત અંગે જણાવ્યું હતું કે એન્ટીબાયોટિક્સનો ઉપયોગ માનવીની બીમારીઓનો ઈલાજ કરવા પુરતો રહ્યો નથી.પરંતુ મરઘી પાળનારાઓ પણ ચિકનના ઝડપી વિકાસ માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે.ચિકન તંદુરસ્ત રહે અને તે ઝડપથી મોટા થાય માટે તેમને એન્ટીબાયોટિક્સ આપવામાં આવે છે. તેમણે આથી થતાં નુકશાન અંગે જણાવ્યું હતું કે અન્ટીબાયોટિક્સનો મોટાપાયે ઉપયોગ કરવાથી ચિકનમાં એન્ટીબાયોટીક્સ બેકટેરીયા ઉત્પન્ન થાય છે. આ બેકટેરીયા ચિકન ખાવાથી આપણા શરીરમાં પહોચે છે.આ ઉપરાતં આવું ચિકન ખાવાથી શરીરમાં એન્ટીબાયોટીક્સ થોડા પ્રમાણમાં પહોચે છે.તેને લીધી માનવશરીરમાં પણ પ્રતિરોધી બેકટેરીયા બનવા લાગે છે.આનો ગેરફાયદો એ છે કે ભવિષ્યમાં આપણે જ્યારે બીમાર પડીએ ત્યારે એન્ટીબાયોટીક્સની કોઈ અસર થશે નહીં,કેમકે તેના પ્રતિરોધી બેકટેરીયા શરીરમાં પહેલેથી જ પેદા થયેલ છે.સીએસઈએ દિલ્હીના ચિકનના ૭૦ નમુના લીધા હતા.ચિકનના મસલ્સ,લીવર અને કીડનીના ટીસ્યુને ટેસ્ટ કરવા માટે કાઢવામાં આવ્યા હતા.આ નમુનાઓમાંથી ઓક્સિટ્રટ્રાસાઈક્લિન, ક્લોરોટેટ્રાસાઈક્લીન, ડોક્સિસાઈક્લિન સહિતના પાચં એન્ટીબાયોટીક્સ મળી આવ્યા હતા.

## મહિલા સશક્તિકરણ સારો દેખાવ કરનારનું અભિવાદન

ગુજરાત યુની. ખાતે યોજનાયેલ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં અમદાવાદ શહેરમાં પોલીસતંત્રમાં ફરજ બજાવતા મહિલા અધિકારીઓ તેમજ કર્મચારીઓ મળીને ૨૧૦ મહિલા પોલીસે દાદાસાહેબના પગલાથી ગુજ. યુની.સેનેટ હોલ સુધી પરેડનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે આયોજીત વિવિધ ટ્રેનીગમાં ભાગ લઈ સારો દેખાવ કરનાર મહિલાઓને પ્રશંસા પત્ર પોલીસ કમિશ્નર, દ્વારા આપવામાં આવ્યા હતા.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ०७९ ६५२१४७५६



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.